ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૦૫/૨૩-૨૪/ 824 તારીખ : 28 APR 2023

**આર.પી.એ.ડી.**

કેસ નં.૦૫/૨૩-૨૪

પ્રતિ,
**શ્રી રમણીકભાઈ માધાભાઈ વોરા,**
**ગણપતિ ફાટસર પ્રાથમીક શાળા રોડ,**
**રીધ્ધીનગર સોસાયટી,**
**મું જોરાવરનગર, તા.વઢવાણ,**
**જી.સુરેન્દ્રનગર.**

**મો.નં-૭૭૭૮૦ ૧૧૭૧૨**

**વિષય : નવીન એસ.સી.પી. કનેકશન આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૧૮/૦૩/૨૦૨૩ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૩૧/૦૩/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૫/૨૩-૨૪/૭૦૬ તા.૦૧/૦૪/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૫/૨૩-૨૪/૭૨૦ તા.૦૫/૦૪/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૭/૦૪/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઈજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **જોરાવરનગર.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૦૫/૨૩–૨૪** ☜

વાદી :– **શ્રી રમણીકભાઈ માધાભાઈ વોરા,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૧૭/૦૪/૨૦૨૩** ◈

હાજર રહયા :– **શ્રી રમણીકભાઈ માધાભાઈ વોરા (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એચ.પી.રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી રમણીકભાઈ માધાભાઈ વોરા, મું.જોરાવરનગર, તા.વઢવાણ, જી.સુરેન્દ્રનગરી નવીન એસ.સી.પી.કનેકશન આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૦૫/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૫/૨૩–૨૪/૭૦૬ તા.૦૧/૦૪/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૭/૦૪/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી રમણીકભાઈ માધાભાઈ વોરા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એચ.પી.રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદીશ્રી રમણીકભાઈ માધાભાઈ વોરા, ગણપતિ ફાટસર પાસે જોરાવરનગર મુકામે રહે છે.

૧.૨ વાદી દ્વારા રજૂઆત કરવામાં આવેલ છે કે, તેમની પુત્રી શ્વેતાબેન રમણીકભાઈ વોરા દ્વારા જોરાવરનગર વિજ કચેરીમાં એસ.સી.પી.સ્કીમમાં ઘર વપરાશ માટેનું વિજ કનેકશન લેવા માટે તા.૨૮/૧૨/૨૦૨૨ ના રોજ ઓનલાઈન અરજી કરેલ હતી. આમ છતાં, વિજ કનેકશન આપવામાં આવેલ નથી.

૧.૩ વાદીની રજૂઆત છે કે, વિજ કચેરી જોરાવરનગર ખાતે તપાસ કરતા તેઓ દ્વારા જણાવેલ કે, રમણીકભાઈ માધાભાઈ વોરા ના નામે ફોજદારી કેસ નં–૩૮૯/૨૦૦૪ આંક–૫૫ અંતર્ગત દંડનું વિજ બિલ આપવામાં આવેલ હતું જે બાબતનો કેસ કોર્ટમાં તા.૧૧/૦૮/૨૦૦૪ દાખલ થયેલ હતો. જે કેસ અંગે વઢવાણ કોર્ટ દ્વારા

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

તા.૨૦/૦૧/૨૦૧૨ ના રોજ હુકમ આપવામાં આવેલ હતો. જેમાં જણાવેલ છે કે, ફોજદારી કેસ નં–૩૮૯/ ૨૦૦૪ આંક–૫૫ અંતર્ગત દંડનું વિજ બિલ આપવામાં આવેલ હતું તે ભરવાપાત્ર થતું નથી.

૧.૪ જેથી અમારી કોઈ રકમ વિજ કચેરી પાસે ભરવાની બાકી ન હોય નવીન એસ.સી.પી. કનેકશન આપવા બાબત ની રજૂઆત કરવામાં આવેલ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ વાદીશ્રી રમણીકભાઈ માધાભાઈ વોરા, ગણપતિ ફાટસર, પ્રાથમીક શાળા પાસે, રીધ્ધીનગર, જોરાવરનગર મુકામે રહેણાંક ધરાવે છે.

૨.૨ વાદીની પુત્રી શ્વેતાબેન રમણીકભાઈ વોરા દ્વારા જોરાવરનગર વિજ કચેરીમાં એસ.સી.પી.સ્કીમમાં ઘર વપરાશ માટેનું વિજ કનેકશન લેવા માટે તા.૨૮/૧૨/૨૦૨૨ ના રોજ ઓનલાઈન અરજી કરેલ હતી.

૨.૩ વિજ કચેરી જોરાવરનગર ખાતે તપાસ કરતા તેઓ દ્વારા જણાવેલ કે, રમણીકભાઈ માધાભાઈ વોરા ના નામે ફોજદારી કેસ નં–૩૮૯/૨૦૦૪ આંક–૫૫ અંતર્ગત દંડનું વિજ બિલ આપવામાં આવેલ હતું જે બાબતનો કેસ કોર્ટમાં તા.૧૧/૦૮/૨૦૦૪ દાખલ થયેલ હતો. જે કેસ અંગે વઢવાણ કોર્ટ દ્વારા તા.૨૦/૦૧/૨૦૧૨ ના રોજ હુકમ આપવામાં આવેલ હતો. જેમાં જણાવેલ છે કે, ફોજદારી કેસ નં–૩૮૯/ ૨૦૦૪ આંક–૫૫ અંતર્ગત દંડનું વિજ બિલ આપવામાં આવેલ હતું તે ભરવાપાત્ર થતું નથી

૨.૪ વાદીશ્રી રમણીકભાઈ માધાભાઈ વોરા ને વિજ ચોરી અંગેનું રૂા.૧૧૪૨૬/૮૫ નું વિજ બિલ તા.૧૮/૦૯/૨૦૦૩ ના રોજ જોરાવરનગર વિજ કચેરી દ્વારા આપવામાં આવેલ હતું. જે પાવરચોરીનું પૂરવણી વિજ બિલ વાદી દ્વારા ભરપાઈ નહી કરતા વિજ કચેરી દ્વારા સદર રકમની વસુલાત માટે સુરેન્દ્રનગર સીનીયર એડીશનલ કોર્ટ સુરેન્દ્રનગરમાં દાવા નં–૩૫૩/૨૦૦૫ થી દાવો દાખલ કરવામાં આવેલ હતો.જે કેસ કોર્ટમાં ચાલી જતા નામદાર કોર્ટ, સુરેન્દ્રનગર દ્વારા વાદીશ્રી ને રૂા.૧૧૪૨૬/૮૫ વાર્ષિક ૯ % ના વ્યાજ સાથે ભરવા માટે હુકમ તા.૩૧/૦૧/૨૦૧૭ ના રોજ કરવામાં આવેલ હતો.

૨.૪ સદર વિજ ચોરીની બાકી રકમ વસુલવા માટે જોરાવરનગર વિજ કચેરી દ્વારા તા.૧૨/૦૮/૨૦૦૯ ના રોજ ૨૫૮/૨૦૦૯ નંબરથી દિવાની દરખાસ્ત દાખલ કરવામાં આવેલ હતી. જેથી વાદીશ્રીએ સદર બાકી રકમ કંપની ના નિયમ મુજબ ભરવાપાત્ર થાય છે. વિજ કનેકશન માંગનાર તેમના વારસદાર(પુત્રી) હોય પીજીવીસીએલ કંપનીના સપ્લાય કોડ–૨૦૧૫ ની શરત ૪.૩૦ મુજબ ભરવાપાત્ર થતી હોય કોઈ વિજ કનેકશન આપી શકાય નહી. જેની નકલ આ સાથે સામેલ છે.

૨.૫ વાદીએ વિજ કચેરી ખાતે સદર બાબત માટે તા.૨૭/૦૧/૨૦૨૩ ના રોજ અરજી આપવામાં આવેલ હતી તે અન્વયે વિજ કચેરી દ્વારા તા.૦૮/૦૨/૨૦૨૩ ના રોજ જવાબ આપવામાં આવેલ છે અને ત્યારબાદ વિજ કચેરી દ્વારા ફરીથી તા.૧૦/૦૩/૨૦૨૩ ના રોજ પણ જવાબ આપવામાં આવેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે.

૨.૬ આમ અરજદારના પિતાશ્રી રમણીકભાઈ માધાભાઈ વોરા ના નામે દાવા નં–૩૫૩/૨૦૦૫ અન્વયે આપવામાં આવેલ હુકમ મુજબની રકમ બાકી હોવાથી વિજ કનેકશન આપવામાં આવેલ નથી.

P.G.V.C.L. Bhavnagar Redressal Forum

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી રમણીકભાઈ માધાભાઈ વોરા, ગામ– ફાટસર જોરાવરનગર દ્વારા તેમની દીકરી ના નામે એસ.સી.પી.સ્કીમમાં નવું ઘર વપરાશનું કનેકશન પ્રતિવાદી દ્વારા ન આપવામાં આવતા ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ આજરોજ તા.૧૭/૦૪/૨૦૨૩ ની રૂબરૂ સુનાવણીમાં બંને પક્ષો હાજર છે તથા તેઓએ પોત પોતાની રજૂઆતો કરેલ છે.

૩.૩ આજરોની સુનાવણી દરમ્યાન રજૂ થયેલ દસ્તાવેજો અને પ્રતિવાદી નો જવાબ જોતા ફોરમને જણાય છે કે, વિવાદ વાળી જગ્યા પર અગાઉ ૨ વખત પાવરચોરી માલૂમ પડતા કોર્ટ કાર્યવાહી થયેલ જે પૈકી પ્રથમ કેસ નં–૩૮૯/૨૦૦૪ નો હુકમ વાદીની તરફેણમાં આવેલ. જયારે ફરીવાર પાવરચોરી કેસ અંગેના કેસની રકમ રૂ.૧૧૪૨૬/૮૫ નું બિલ તા.૧૮/૦૯/૨૦૦૩ વાદી દ્વારા ભરપાઈ ન થતા તે અંગેનો કોર્ટ કેસ નં–૩૫૩/૨૦૦૫ થી દાવો દાખલ કરવામાં આવેલ જે અંગેનો હુકમ પ્રતિવાદી ની તરફેણમાં આવેલ છે. જેની વસુલાત માટેની રકમ માટે દિવાની દરખાસ્ત નં – ૨૫૮/૨૦૦૯ દાખલ કરવામાં આવેલ જેમાં નામદાર કોર્ટે પ્રતિવાદી પી.જી.વી.સી.એલ ની વિરુધ હુકમ કરી કાઢી નાંખેલ હોઈ હાલ નામદાર કોર્ટ સમક્ષ કોઈ બાબત પડતર નથી.

૩.૪ પ્રસ્તુત કેસમાં કનેકશનના મુળ અરજદાર શ્વેતાબેન રમણીકભાઈ વોરા છે, જયારે કે અરજદાર શ્રીરમણીકભાઈ માધાભાઈ વોરા છે. આમ, વાદી અરજદાર જીઈઆરસી ના નોટીફીકેશન નં–૨/૨૦૧૯ ના કલોઝ નં–૧.૫(ગ) મુજબ 'ફરીયાદી' ની વ્યાખ્યામાં સમાવિષ્ટ થતા ન હોઈ ફરીયાદ કરવા હકકદાર રહેતા ન હોઈ વાદીની અરજી નો નિકાલ કરવામાં આવેલ છે.

**<u>–:: હુકમ ::–</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(એન.આઈ.ઉપાધ્યાય)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કંુ.લી.:ભાવનગર.**

તારીખ :– **૧૭/૦૪/૨૦૨૩.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar